ગાંધીનગર સમાચાર

# યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણ પીએસીમાંથી હટાવાયા



## એએપીની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં બહુમતિથી નિર્ણય : એએપીમાં જોરદાર ખેંચતાણની વચ્ચે મળેલી બેઠકમાં પાર્ટીના કન્વીનર તરીકે કેજરીવાલના રાજીનામાનો અસ્વીકાર કરાયો : ભુષણ અને યાદવ હજુ નાખુશ

નવીદિલ્હી,તા. ૪

એએપીમાં ચાલી રહેલી આંતરિક ખેંચતાણ વચ્ચે આજે રાષ્ટ્રીય કારોબારીની બેઠક મળી હતી જેમાંથી ધારણા પ્રમાણે જ પીએસીમાંથી યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણને દૂર કરવામાં આવ્યા હતા. બહુમતિ સભ્યોએ આ સંદર્ભમાં નિર્ણય કર્યો હતો. પોલિટીકલ બાબતોની સમિતિમાંથી હાલમાં બળવાખોર તરીકે દેખાઈ રહેલા બંને નેતાઓને દૂર કરવામાં આવ્યા હતા. બીજી બાજુ દિલ્હીના મુખ્યમંત્રી અને એએપીના નેતા અરવિંદ કેજરીવાલના કન્વીનર તરીકેના રાજીનામાને નામંજુર કરી દેવામાં આવ્યો હતો. કેજરીવાલે રાજીનામુ આપ્યું હતું પરંતુ તેમના રાજીનામાને સ્વીકારવામાં આવ્યો ન હતો તેઓ પક્ષના કન્વીનર તરીકે યથાવત જારી રહેશે. આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પક્ષની રાષ્ટ્રીય કારોબારીની બેઠક મળી હતી. જેમાં તેના બે અસંતુષ્ટ નેતા પ્રશાંત ભુષણ અને યોગેન્દ્ર યાદવના ભાવિ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. દિલ્હીમાં પ્રચંડ બહુમતિ સાથે સત્તામાં આવ્યા બાદ એએપીમાં આંતરિક ખેંચતાણ ચાલી રહી હતી. યોગેન્દ્ર યાદવ અને ભૂષણને પીએસીમાંથી દૂર કરવામાં આવ્યા બાદ એવી ચર્ચા પણ છે કે, હજુ અસંતોષ જારી રહેશે. તેમને એએપીમાંથી દૂર કરવામાં આવશે તેવી પણ અટકળો ચાલી રહી છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ કારોબારીમાં ઉપસ્થિત રહ્યા ન હતા. કારણ કે તેઓ ડાયાબિટીસ અને કફની તકલીફના કારણે ૧૦ દિવસ માટે સારવાર લેવાના હેતુસર બેંગ્લોર પહોંચી ગયા છે. કેજરીવાલ કહી ચુક્યા છે કે પાર્ટીની અંદર જે કંઇ પણ ઘટનાક્રમનો દોર ચાલી રહ્યો છે તેનાથી તેઓ હતાશ છે. વિશ્વાસ ભંગ થયો છે. દિલ્હીના લોકોનો વિશ્વાસ આના લીધે હચમચી ઉઠ્યો છે. લોકોનો વિશ્વાસ ભંગ થાય તેવી પ્રવૃત્તિને ચલાવી લેવાશે નહીં. એએપીની ૨૧ સભ્યોની કારોબારી આજે મળી હતી. બેઠકમાં ભુષણ અને યોગેન્દ્ર યાદવની તરફેણમાં આઠ સભ્યોએ મત આપ્યા હતા જ્યારે ૧૧ વિરોધમાં મત આપ્યા હતા જેના પરિણામ સ્વરુપે પીએસીના સભ્યોએ નિર્ણય કર્યો હતો કે, યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણ પીએસીના ભાગરુપે રહેશે નહીં.

# સ્વાતંત્ર્ય સેનાનીઓને પેન્શન રૂપે ૭૦૫ કરોડ ચુકવાયા છે

નવી દિલ્હી,તા. ૪

રાજ્યસભામાં આજે માહિતી આપવામાં આવી હતી. સ્વતંત્રતા સેનાનીઓ અને તેમના આધાર પર રહેલા પરિવારના સભ્યોને પેન્શન તરીકે કુલ ૭૦૫.૪૫ કરોડની ચુકવણી કરવામાં આવી છે. જાન્યુઆરી ૨૦૧૫ સુધી આ ચુકવણી કરવામાં આવી છે. ગૃહ રાજયમંત્રી કિરણ રિજજુએ માહિતી આપતા કહ્યું હતું કે, ૨૦૧૩-૧૪ દરમિયાન ૮૨૬.૧૧ કરોડની ચુકવણી સ્વતંત્રતા સેનાનીઓ અને તેમના લાયક પરિવારના સભ્યોને ચુકવવામાં આવ્યા હતા. સ્વતંત્રતા સૈનિક સન્માન પેન્શન યોજના હેઠળ આ ચુકવણી કરવામાં આવી હતી. પહેલી જાન્યુઆરી ૨૦૧૫ સુધી ૧૧૪૩૪ સ્વતંત્રતા સેનાની પેન્શનરો અને ૨૪૬૬૬ આધારિત પરિવાર પેન્શનનો આંકડો રહ્યો છે. લેખિત પ્રશ્નના જવાબમાં તેમણે આ મુજબની માહિતી આપી હતી. રિજ્જુએ કહ્યું હતું કે, ૨૫૧૯ સ્વતંત્રતા સેનાની પેન્શનરો તેલંગાણા છે જયારે ૧૪૯૪ મહારાષ્ટ્ર, ૧૪૩૬ બિહારના, ૧૨૯૪ પશ્ચિમ બંગાળના છે. આધારિત પરિવારના પેન્શનરોમાં પશ્ચિમ બંગાળના સૌથી વધુ ૪૩૧૬ લોકો છે જયારે તેલંગાણાના ૩૩૧૩, મહારાષ્ટ્રના ૨૬૩૮ અને બિહારના ૨૩૬૬ જેટલા લોકો છે. આ અગત્યની માહિતી રાજયસભામાં આપવામાં આવી હતી. પેન્શન તરીકે ચુકવણીનો આંકડો જારી કરવામાં આવ્યા બાદ તેની પણ ચર્ચા જોવા મળી હતી.

# દેશમાં ૨૦૧૪માં ઓનર કિલિંગના થયેલા ૧૮ કેસ

નવીદિલ્હી,તા. ૪

રાજ્યસભામાં આજે માહિતી આપવામાં આવી હતી કે, વર્ષ ૨૦૧૪માં ઓનર કિલિંગના કુલ ૧૮ કેસ નોંધાઈ ચુક્યા છે. ગૃહરાજ્યમંત્રી હરિભાઈ ચૌધરીએ માહિતી આપતા કહ્યું હતું કે, નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલી માહિતી મુજબ તથા ઓનર કિલિંગ અંગે ડેટા એકત્રિત કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે ત્યારબાદથી ઓનર કિલિંગના આંકડા દર્શાવે છે કે, ૨૦૧૪માં ઓનર કિલિંગના ૧૮ કેસ નોંધાયા છે. તેમણે કહ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષ માટેના કોઇ આંકડા ઉપલબ્ધ થઈ શક્યા નથી પરંતુ ૨૦૧૪ દરમિયાન ઓનર કિલિંગના ૧૮ કેસ નોંધાઈ ચુક્યા છે. અન્ય એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, ૨૦૧૧, ૧૨ અને ૧૩માં બાળકો સામે ગુના હેઠળ નોંધાયેલા કેસોની સંખ્યા ક્રમશઃ ૩૩૦૫૨, ૩૮૧૭૨ અને ૫૮૨૨૪ નોંધાઈ છે. ગૃહરાજ્યમંત્રી કિરેન રિજ્જુએ કહ્યું હતું કે, ૨૦૧૧થી ફેબ્રુઆરી ૨૦૧૫ સુધી ભારતીય નાગરિકતા મેળવવા માટે ૧૨૪૦ પાકિસ્તાનીઓ ૧૦૪૭ અફઘાનિસ્તાની નાગરિકોએ અપીલ કરી છે. નાગરિકતાના પ્રમાણપત્રો ૧૨૩૮ પાકિસ્તાની નાગરિકોને આપવામાં આવ્યા છે જ્યારે ૪૬૮ અફઘાન નાગરિકોને પણ નાગરિકતાના પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે.

# આદર્શ કેસ : અશોક ચવાણની અરજીને અંતે હાઈકોર્ટે ફગાવી

મુંબઈ,તા. ૪

આદર્શ કેસમાં આરોપી તરીકે રહેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અશોક ચવાણને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે, આ કેસમાં આરોપી તરીકે તેમનું નામ પડતું મુકવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતો. મુંબઈ હાઈકોર્ટે આજે અશોક ચવાણ દ્વારા દાખલ કરાયેલી અરજીને ફગાવી દીધી હતી. તેના અગાઉના આદેશને પરત ખેંચી લેવાની માંગ કરીને અરજી દાખલ કરાઈ હતી. અગાઉના આદેશમાં મુંબઈ હાઈકોર્ટે તેમની સામે આદર્શ હાઉસિંગ સોસાયટી ક્રિમિનલ કેસને પડતો મુકવાનો ઈન્કાર કરી દીધો હતો. આ આદેશનો મતલબ એ થયો કે, ખાસ ટ્રાયલ કોર્ટ દ્વારા ચવાણ અને અન્યો સામે દાખલ કરવામાં આવેલી ચાર્જશીટની નોંધ લેવામાં આવશે. આદર્શ હાઉસિંગ સોસાયટી કેસમાં ૧૩ આરોપી પૈકીના ચવાણ એક આરોપી છે. ચવાણના વકીલ અમિત દેસાઈએ દાવો કર્યો હતો કે, ન્યાયિક પ્રક્રિયાના સિદ્ધાંતો ચોક્કસ પાસાઓમાં પાળવામાં આવ્યા નથી. દેસાઈએ સુપ્રીમ કોર્ટના ચુકાદાના દાખલાઓનો ઉલ્લેખ કર્યો હતો. આ આદેશને તરત ખેંચવામાં આવે તેવી ઈચ્છા અશોક ચવાણ દ્વારા વ્યક્ત કરાઈ હતી.

મહારાષ્ટ્રના એક વખતના રેવન્યુ મિનિસ્ટર અશોક ચવાણને આદર્શ હાઉસિંગ સોસાયટીમાં ફ્લેટની ફાળવણીમાં તપાસ કરવા નિમવામાં આવેલી જ્યુડિશિયલ સમિતિ દ્વારા દોષિત ઠેરવવામાં આવ્યા હતા. કોલાબામાં આદર્શ હાઉસિંગ સોસાયટીને લઈને ભારે હોબાલો થઈ ચુક્યો છે. અગાઉ પણ આને લઈને વિખવાદ રહ્યો હતો.



શ્રીનગર ખાતે આવેલ મિલિટરી બેઈઝ માં યોજાયેલ પરેડ દરમિયાન જમ્મુ અને કાશ્મીર લાઈટ ઈન્ફન્ટ્રી ના સ્નાતક સૈનિકો શપથ લેતા નજરે પડે છે.

# લોકસભા ચૂંટણી પૂર્વે ભાજપે ૭૧૨ કરોડથી વધુ ખર્ચ કર્યો

નવી દિલ્હી,તા. ૪

લોકસભાની ચૂંટણીમાં ભાજપે ઐતિહાસિક જીત મેળવી હતી અને પોતાની તાકાત પર બહુમતિ મેળવી રેકોર્ડ સર્જયો હતો. નરેન્દ્ર મોદીની પ્રચંડ લહેર દેશમાં જોવા મળી હતી. પરંતુ આના માટે ભાજપે તમામ તાકાત લગાવી દીધી હતી. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મના નવા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકસભાની ચૂંટણી દરમિયાન જુદા જુદા રાજકીય પક્ષો દ્વારા ફંડ એકત્રિત કરવાની કામગીરી હાથ ધરવામા આવી હતી. રાષ્ટ્રીય પાર્ટી દ્વારા જે નાણા એકત્રિત કરવામાં આવ્યા તે મુજબ ભાજપે વર્ષ ૨૦૧૪ લોકસભાની ચૂંટણીમાં સૌથી વધુ ફંડ એકત્રિત કરવામાં સફળતા મેળવી હતી. ૭૫ દિવસના ચૂંટણી ગાળા દરમિયાન ભાજપે ૫૮૮.૪૫ કરોડ રૂપિયા એકત્રિત કર્યા હતા. જ્યારે કોંગ્રેસે ૩૫૦.૩૯ કરોડ રૂપિયા એકત્રિત કર્યા હતા. એનસીપી દ્વારા ૭૭.૮૫ કરોડ અને બસપ દ્વારા ૭૭.૨૬ કરોડ રૂપિયા એકત્રિત કરવામાં આવ્યા હતા.

જ્યારે ચૂંટણી દરમિયાન જુદી જુદી પાર્ટી દ્વારા ખર્ચ કરવામાં આવેલા આંકડા પર નજર કરવામાં આવે તો ભાજપે સૌથી વધુ રકમ ખર્ચ કરી હતી.લોકસભાની ચૂંટણી જીતી લેવા માટે ભાજપે ૭૧૨.૪૮ કરોડની મહાકાય રકમ ખર્ચ કરી હતી. જયારે કોંગ્રેસે ૪૮૬.૨૧ કરોડની રકમ ખર્ચ કરી હતી. ૭૫ દિવસના ચૂંટણી ગાળા દરમિયાન સીપીઆઈ દ્વારા સૌથી ઓછી ૬.૭૨ કરોડ રૂપિયા જ ખર્ચ કરવામાં આવ્યા હતા. તમામ આંકડા દર્શાવે છે કે ભાજપે જોરદાર તાકાત લોકસભાની ચૂંટણી દરમિયાન લગાવી હતી. ભાજપે લોકસભાની ચૂંટણી દરમિયાન નરેન્દ્ર મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા બાદ તમામ તાકાત લગાવી હતી. મોદી લહેર ત્યારબાદ દેશમાં જોવા મળી હતી. મોદી પોતે સૌથી આક્રમક પ્રચાર માટે આવી ગયા હતા. સૌથી વધુ સભાઓ મોદીએ કરી હતી.

**નિર્ભયા દસ્તાવેજી ફિલ્મના પ્રસારણ ઉપર પ્રતિબંધ**

# બળાત્કારીના ઈન્ટરવ્યુની કોઇને મંજુરી અપાશે નહીં

નવીદિલ્હી,તા. ૪

૧૬મી ડિસેમ્બર ગેંગરેપના કેસમાં અપરાધી સાથે ઈન્ટરવ્યુ ઉપર આધારિત દસ્તાવેજી ફિલ્મના પ્રસારણ ઉપર દિલ્હી કોર્ટે સ્ટે મુકી દીધો છે. આ મામલે ભારે હોબાળો મચાવી રહ્યો છે. કોર્ટે ઈન્ટરનેટ ઉપર પણ દસ્તાવેજી ફિલ્મના પ્રસારણ ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. દિલ્હી હાઈકોર્ટે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, જો આ ફિલ્મ પ્રસારિત કરવામાં આવશે તો દોષિતો સામે કઠોર પગલા લેવામાં આવશે. અગાઉ દિવસમાં લોકસભા અને રાજ્યસભા બંનેમાં નિવેદન કરીને ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે, સરકાર ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના બનાવને ખુબ જ કલંકિત બનાવ તરીકે ગણે છે. વાણિજ્ય ઉપયોગ માટે આ પ્રકારના બનાવોને રજૂ કરવા કોઇને પણ મંજુરી અપાશે નહીં. ૮મી માર્ચના દિવસે બીબીસી ચાર ચેનલ ઉપર એક દસ્તાવેજી ફિલ્મનું પ્રસારણ કરનાર છે તેવા અહેવાલ આવ્યા બાદ પ્રધાને આ મુજબનું નિવેદન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, સરકારે જરૂરી કાયદેસરના પગલા લીધા છે. ફિલ્મના તમામ હિસ્સાઓને રદ કરી દેવા અંગે કોર્ટ પાસેથી આદેશો પણ મેળવી લીધા છે. ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના બનાવ સમગ્ર ભારત માટે શરમજનક બનાવ હતો. તેમના અંગતરીતે પણ આઘાત લાગ્યો છે. દસ્તાવેજી ફિલ્મ અંગે તેમને જાણવા મળ્યું ત્યારે ખુબ જ દુખ થયું છે. પ્રધાને કહ્યું હતું કે, ઈન્ટરવ્યુ માટે કઇ શરત હેઠળ પરવાનગી અપાઈ હતી તે સંદર્ભમાં તેઓ માહિતી મેળવી રહ્યા છે. બળાત્કારીઓના ઈન્ટરવ્યુ લેવા ભવિષ્યમાં કોઇને પણ મંજુરી આપવામાં આવશે નહીં. લોકસભા અને રાજ્યસભા બંનેમાં રાજનાથસિંહે આક્રમક નિવેદન કર્યું હતું. જો જરૂર પડશે તો પરવાનગી આપનાર લોકો માટે જવાબદારી નક્કી કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, દસ્તાવેજી ફિલ્મના શૂટિંગને પ્રમાણપત્ર અપાશે નહીં. જેલ સત્તાવાળાઓ સામે પણ હવે તવાઈ આવી છે.

# રેલવેમાં નવા ટિકિટ બુકિંગ નિયમો પહેલીથી અમલમાં

નવી દિલ્હી,તા. ૪

મોદી સરકાર સામાન્ય લોકોને ઝડપથી સુવિધા આપવા માટે ઝડપી નિયમોને અમલી કરી રહી છે. હવ રેલવે બજેટમાં જાહેરાત કરવામાં આવ્યા બાદ પહેલી એપ્રિલથી રેલવેના નવા ટિકિક બુકિંગ નિયમોને અમલી કરવામાં આવનાર છે. રેલવે યાત્રી હવે ૬૦ દિવસના બદલે ૧૨૦ દિવસ પહેલા ટિકિટ બુક કરાવી શકશે. આ સંબંધમાં રેલવે બોર્ડ દ્વારા સત્તાવાર આદેશ જારી કરી દેવામાં આવ્યા છે. બોર્ડે એવી સ્પષ્ટતા પણ કરી છે કે ગોમતી અને તાજ એક્સપ્રેસ જેવી સ્પેશિયલ ટ્રેનોના ટિકિટ બુકિંગના નિયમોમાં કોઇ ફેરફાર કરવામાંઆવ્યા નથી. આ ઉપરાંત વિદેશી પ્રવાસીઓ માટે પણ ૩૬૦ દિવસ પહેલા ટિકિટ બુક કરાવવાના નિયમોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા નથી. બોર્ડ દ્વારા પણ તમામ ઝોનલ રેલવેને આ અંગે આદેશ જારી કરવામાં આવી ચુક્યા છે. આવી જ રીતે બોર્ડે ક્રિસને પણ આદેશ કર્યા છે કે તે નવા નિયમો મુજબ રેલવે રિઝર્વેશન સોફ્ટવેરમાં ફેરફાર કરે જેથી પહેલી એપ્રિલથી લોકો ૧૨૦ દિવસ પહેલા ટિકિટ બુકિંગ કરાવવાની સુવિધાનો લાભ લઈ શકે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૨૬મી ફેબ્રુઆરીના દિવસે રેલવે બજેટ રજૂ કરતી વેળા રેલવેપ્રધાન સુરેશ પ્રભુએ આ અંગેની જાહેરાત કરી હતી. હવે ૧૨૦ દિવસ પહેલા ટિકિટ બુકિંગ થઈ શકશે. રેલવે પ્રધાન દ્વારા કરાયેલી જાહેરાત ઝડપી અમલી બનાવવામાં આવી રહી છે. રેલવે બજેટમાં જાહેર અન્ય કેટલીક બાબતો પણ અમલી કરવામાં આવી છે જેના ભાગરૂપે રેલવે દ્વારા લોકોની સુવિધા માટે વેબ પોર્ટલ અને એપની શરૂઆત કરી દેવામાં આવી છે. એપ અને વેબ પોર્ટલ મારફતે રેલવે યાત્રીઓ સર્વિસનો ઉપયોગ કરતી વેળા તેમને રહેલી ફરિયાદ આના પર કરી શકશે. વેબ પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશનને ઉપયોગી તરીકે ગણવામાં આવે છે. એન્ડ્રોઈડ અને વિન્ડો પ્લેટફોર્મ પર કામ કરનાર વેબસાઈટ અને એપને લોંચ કરતા રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ કહ્યું છે રેલવે યાત્રીઓ ફરિયાદ અને સાથે સાથે સુચન પણ આ પોર્ટલ પર કરી શકશે. પોર્ટલ પર નોંધવામાં આવેલી ફરિયાદોના સ્ટેટસને જાણી લીધા બાદ તેને દુર કરવાના પ્રયાસ કરાશે.

# બીજા ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો હજુ થઈ શકે : મિસ્ત્રી

નવી દિલ્હી,તા. ૪

રિઝર્વ બેંકે આજે રેપોરેટમાં કાપ મુક્યા બાદ આ અંગે જુદી જુદી પ્રતિક્રિયાઓ મળી છે જેમાં દેશના સૌથી મોટા મોર્ટગેજ ધિરાણદાર હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ એચડીએફસીએ કહ્યું છે કે, આ વર્ષે બીજા ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો થઈ શકે છે. એચડીએફસીના ઉપપ્રમુખ અને મુખ્ય કારોબારી અધિકારી કેકી મિસ્ત્રીએ કહ્યું છે કે, રિઝર્વ બેંક દ્વારા લેવામાં આવેલા પગલાથી સામાન્ય લોકોને રાહત થશે. હાઉસિંગ લોનના રેટ કાપ મુકીને લોકોને રાહત આપતા પહેલા વધુ રાહ જોવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, સમય ખુબ જ આશ્ચર્યજનક છે પરંતુ કેન્દ્રિય બજેટમાં એવી આશા અપાઈ છે કે, વ્યાજદરમાં વધુ ઘટાડો થશે. સમય ગાળો એક સપ્તાહ અથવા બે સપ્તાહ પહેલા અથવા તો મોડેથી હોઈ શકે છે. આરબીઆઈએ રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો છે. છેલ્લા ૪૫ દિવસમાં બીજી વખત કાપ મુકવામાં આવ્યો છે. ૧૫મી જાન્યુઆરીના દિવસે આરબીઆઈએ ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી દીધો હતો. મે ૨૦૧૩ બાદ પ્રથમ વખત આરબીઆઈએ ૧૫મી જાન્યુઆરીના દિવસે ઘટાડો કર્યોહતો. જાણકાર લોકોનું કહેવુંછે કે, સ્થિતિ હળવી બની શકે છે. અન્ય કેટલાક નિષ્ણાતો પણ માની રહ્યા છે કે, ઘટાડાનો દોર જારી રહી શકે છે.

તેમણે કહ્યું છે કે, ૨૦૧૫માં ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો હજુ થઈ શકે છે. કારણ કે ફુગાવો સંપૂર્ણપણે કાબૂ હેઠળ છે. સાથે સાથે વૈશ્વિક ક્રૂડ ઓઈલની કિંમતો પણ ઘટી છે જેથી ઘટાડા માટેનું ચિત્ર ઉપસી આવે છે. એચડીએફસીનો હોમલોન રેટ હાલમાં ૧૦.૧૫ ટકા છે જે દેશની અન્ય મોટી બેંકોની જેમ છે.

## સમાચાર ઝલક

- વડોદરાની બિઝનેસમેન વુમને ટ્રિપ્લેટ બાળકોને જન્મ આપ્યો. બધાની તબિયત સંતોષજનક.
- વલસાડમાં પુત્રીની છેડતી કરનાર શિક્ષકને પોલીસ પિતાએ આચાર્યની સામે જ ફટકાર્યો.
- ભરૂચ જિલ્લા યુવા ભાજપના મંત્રીશ્રી કુલદિપસિંહની હત્યા કરાયેલી લાશ મળી.
- ધુળેટી નિમિત્તે પિચકારીઓમાં ૨૦૦થી વધુ વેરાઈટીઓ બજારમાં ઠલવાઈ.
- રિલાયન્સ જીઓને રાજકોટમાં ૧ કરોડનો દંડ કરાયો. પોલિસ ફરિયાદ થશે.
- રીકરીંગ બચત ખાતામાં પણ હવે ટીડીએસ કપાશે.
- તા. ૨૦મી માર્ચના પૂર્ણ સૂર્યગ્રહણ ભારતમાં જોવા મળશે નહિ.
- વૈશાખીના દિવસથી કિસાન ટીવી શરૂ થશે. દેશભરમાં કિસાન ચેનલ પણ શરૂ થશે.
- અમરનાથ યાત્રા માટેની નોંધણી શરૂ કરાઈ.
- થ્રીજી ઈન્ટરનેટના દરમાં બી.એસ.એન.એલ. ઘટાડો કરશે.
- યોગથી ગરદનનો દુખાવો દુર થાય છે.
- હોળીની જાળ ઉત્તર દિશામાં જાય તો સારો વરસાદ. પૂર્વ દિશામાં જાય તો રાજા-પ્રજા સુખી થાય.
- કેન્દ્રના કર્મચારીઓનું ૭મું વેતન પંચ ઓક્ટોબરમાં અહેવાલ સોંપાશે.

# પતિની સામે ખોટા કેસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો

નવીદિલ્હી,તા.૪

ચિંતાજનક પ્રવાહના ભાગરુપે નવી વિગત સપાટી ઉપર આવી છે. જાણવા મળેલી માહિતી મુજબ પતિ સામે ખોટા કેસ દાખલ કરનાર મહિલાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. પતિ અનો તેમના સસરા સામે બળાત્કારની ફરિયાદો જે ખોટી છે તેવી ફરિયાદોમાં વધારો નોંધાયો છે. આજે લોકસભામાં આ અંગેની માહિતી આપતા ગૃહરાજયમંત્રી હરિભાઈ ચૌધરીએ કહ્યું હતું કે, આઈપીસીની કલમ ૪૯૮એ હેઠળ ૨૦૧૧-૧૩ વચ્ચેના ગાળામાં મહિલા દ્વારા પતિ અને સસરા સામે અત્યાચારના ૩૧૨૯૨ કેસો દાખલ કરવામાં આવી ચુક્યા છે જે ખોટા અથવા તો ભુલથી કાયદા સાથે ચેડા કરીને નોંધવામાં આવ્યા હતા. પોલીસ તપાસમાં આ અંગેની વિગત સપાટી ઉપર આવી હતી. છેલ્લા થોડાક વર્ષમાં ૪૯૮એ હેઠળ ખોટા કેસોની સંખ્યા સતત વધી છે. આંકડા આ બાબતની સાબિતી આપે છે. આવી જ રીતે આઈપીસીની કલમ ૫૦૯ હેઠળ મહિલાની અંગતતા સામે અપમાન થાય તેવા ૧૨૦૭ કેસો નોંધાયા છે જે પોલીસ તપાસમાં ખોટા સાબિત થયા છે. કલમ ૫૦૯ હેઠળ કેસોની સંખ્યા ૨૦૧૧માં ૩૮૬ હતી જે વધીને ૨૦૧૩માં ૪૮૬ થઈ છે. એનસીઆરબીના આંકડા દર્શાવે છે કે, ભારતમાં નોંધાયેલા બળાત્કારના કેસોની સંખ્યામાં પણ વધારો થયો છે. ૨૦૧૩માં આ સંખ્યા ૩૩૭૦૭ થઈ છે. ભોગ બનેલી મોટાભાગની મહિલાઓની વય ૧૮-૩૦ વર્ષની વચ્ચે નોંધાઈ છે. ખોટા કેસો બદલો લેવાની ભાવના સાથે કરવામાં આવ્યા છે. બનાવટી કેસો પાછળ ખતરનાક ઈરાદાઓ પણ રહેલા છે. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં સુપ્રીમ કોર્ટે ઠેરવ્યું હતું કે, કલમ ૪૯૮એ હેઠળ ખોટી રીતે અત્યાચારના કેસો લગ્નના ભંગાણ તરફ દોરી જાય છે. જોથરીએ કહ્યું હતું કે, આ પ્રકારના દૂષણને રોકવાની તાકિદની જરૂર છે.

# ચીટ ફંડ કેસમાં રોસવેલી ગ્રુપના ૪૩ સ્થળો પર રેડ

કોલકાતા,તા. ૪

કરોડો રૂપિયાના ચીટ ફંડ કૌભાંડના સંદર્ભમાં પશ્ચિમ બંગાળમાં ૨૭ સ્થળો સહિત રોસવેલી ગ્રુપના દેશમાં ૪૩ સ્થળો ઉપર સીબીઆઈએ આજે એક સાથે દરોડા પાડ્યા હતા. સીબીઆઈના અધિકારીઓ માહિતી આપતા કહ્યું હતું કે, હાલમાં તપાસ ચાલી રહી છે. પશ્ચિમ બંગાળમાં ૨૭ ઉપરાંત ત્રિપુરામાં સાત, ઓરિસ્સામાં એક, દિલ્હીમાં એક, ઉત્તરપ્રદેશમાં એક, મહારાષ્ટ્ર, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ અને તમિળનાડુમાં આ ગ્રુપના સ્થળો ઉપર દરોડા પાડવામાં આવ્યા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા પણ આ કૌભાંડમાં તપાસ કરવામાં આવી રહી છે. આ ગ્રુપના ઘણા બેંક ખાતાઓ સીલ કરી દેવામાં આવ્યા છે. તેના ચેરમેન ગૌતમ કુંડુની પુછપરછ કરવામાં આવી ચુકી છે. આ ગ્રુપની સંપત્તિ ૨૫મી ફેબ્રુઆરીના દિવસે કોર્ટના આદેશ બાદ જપ્ત કરી દેવામાં આવી હતી.

રાજ્યસભામાં આ મહિનાની શરૂઆતમાં નાણા રાજ્યમંત્રી જયંતસિંહા કહી ચુક્યા છે કે, શારદા ગ્રુપ અને રોસવેલીએ ગેરકાયદેરીતે ૧૨૭૪૦ કરોડ રૂપિયા ઉભા કર્યા હતા. સિંહાના જણાવ્યા મુજબ તપાસમાં જાણવા મળ્યું છે કે, રોસવેલી ગ્રુપે રોકાણકારો પાસેથી ૧૦૨૮૧ કરોડ ભેગા કર્યા હતા જ્યારે શારદા ગ્રુપે ૨૪૫૯ કરોડ રૂપિયા એકત્રિત કર્યા હતા.